# જાન પ્રસ્થાન સમયે ગવાતાં વઢિયારી રબારી સમાજના લોકગીતો

ચેતનભાઇ ગેલાભાઈ રબારી
રિસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

ડૉ. મંજૂબેન ખેર
એસોસિયેટ પ્રોફેસર અને સંશોધન માર્ગદર્શક,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

ઉત્તર ગુજરાતનો પશ્ચિમનો ભાગ અને કચ્છનો પૂર્વી છેડો જેની મધ્યે આવેલ કચ્છના નાના રણનો અને અર્ધરણનો ભૂમિભાગ એટલે વઢિયાર ધરા. અનેક સંતો-મહંતો તેમજ વીર પુરૂષોના પગલાંથી પાવન વઢિયાર ધરા પોતાની આગવી ઓળખ ધરાવે છે. વઢિયાર પ્રદેશ તેની ભૌગોલિક વિવિધતાની સાથે સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ ઘણો સમૃધ્ધ છે. અનેક ધાર્મિક સ્થાનકો અને કુંવારીકા નદીઓથી શોભતા વઢિયારની ધરા સદાય ધબકતી અનુભવાય છે. વિવિધ લોકમેળાઓ અને તહેવારોમાં હિલ્લોળે ચઢેલા માનવસમુદાયને નિહાળતાં અસ્સલ વઢિયારી સંસ્કૃતિના દર્શન થાય છે.

વઢિયાર વિસ્તારમાં મોટાભાગે વૈશાખ મહિનામાં લગ્નો લેવાય છે અને એ વૈશાખ-જેઠ મહિનાની રણકાંઠાની લૂ સાથે સહજ ટેવાઇ ગયેલા અહીંના લોકો આ લગ્નગાળાને ખૂબ હોંશે માણે છે. આ સમયગાળા ને અહીં 'વિવાં ગાળો' કહે છે, અર્થાત 'વિવાહનો સમયગાળો'. આ સમયે અહીંનું વાતાવરણ ખૂબજ આનંદમય અને મહોત્સવ સરખું બની રહે છે. પરંપરાગત વસ્ત્રો અને ઘરેણાંથી શોભતી સ્ત્રીઓના કંઠે અપાર ઉત્સાહથી રેલાતા લોકગીતોને જાણવા –માણવા એક લ્હાવો છે. અહીં અઢળક લોકગીતોનો વૈભવ છે અને તેમાંય લગ્ન સમયે જેટલા ગવાય તેટલા ઓછા! અહીં વઢિયારી રબારી સમાજમાં જાન પ્રસ્થાન સમયે ગવાતાં લોકગીતોમાં જ્યારે જાન ઘરેથી નિકળવાના સમયથી માંડીને માંડવે પહોંચતા સુધીના ગીતોનું સંપાદન કરવામાં આવ્યું છે.

હાલની પરીસ્થિતી પ્રમાણે સામાજિક રીત-રીવાજોમાં મહદઅંશે સમાનતાઓ જોવા મળે છે પરંતુ ભુતકાળમાં ડોકિયું કરશું તો દરેક જ્ઞાતિ સમુદાય તેના પરંપરાગત રીત-રીવાજોમાં આગવો રહેલ છે. સામાજિક પ્રસંગોની ઉજવણીની રીતથી માંડી ખાન-પાન, પોષાક અલંકાર જેવી બાબતોમાં ભીન્નતા નજરે પડે છે. વઢિયારી રબારી સમાજમાં સાંજનો સૂરજ ડૂબવાની તૈયારીમાં હોય ને' જાન જોડાય. ત્યારે વઢિયારી રબારી સમાજની બહેનો પોતાના લાંબા સાદે ગીત છેડે છે.

ધરમે[1] તે ધરુ તારો[2] ઉજીયો[3],
જોડો ચરમટા[4] રાણો જાન,
જાવું ચીયા[5] વેવઈને માંડવે.

[1] ધરમે- ધર્મથી

[2] ધરૂ તારો- ધ્રુવનો તારો

[3] ઉજીયો-ઉગ્યો

[4] ચરમટા-રબારી સમાજની એક પેટા શાખ(કરમટા)

જોડો જોડો લેંબાભૈ જાન,
જાવું રણછોડ વેવઈને માંડવે,
ધરમે તે ધરુ તારો ઉજીયો.

સંધ્યા સમયે જાન જોડવાની તૈયારી હોય તે સમયે આ પ્રચલિત લોકગીત ગવાય છે. 'ધરમે તે ધરુ તારો ઉજીયો' અર્થાત બ્રહ્માંડના નિયમોથી અનુશાસિત ધ્રુવનો તારો ઉત્તરે ઉદય થયો છે, તેવા પ્રતિકથી ઘરના વડીલોને જાન જોડવા માટે વિનંતી કરવામાં આવે છે. અહીં જ્યાં જાન લઈ જવાનું છે તે ગામ તથા વેવાઈઓના નામો લઈ બહેનો દ્વારા આ શુભ પ્રસંગનો હરખ વ્યક્ત કરવામાં આવે છે. આ સાથે અહીં લોકસમુદાયનની  જીવનશૈલીમાં પ્રકૃતિતત્વોનો આધાર અને તેની મહત્તા જણાય છે. ધ્રુવ તારાનું ઉગવું અને જાનનું પ્રસ્થાન થવું આ અચલગતિના તત્વનું લોકગીત રૂપે રજુ થવું અહીં સહજ છે. બીજા બે ગીતો જેમાં ચંદ્ર , તારા અને  હરણીયું તારકવૃંદનું ઉગવું –આથમવું જેવી ખગોળીય બાબતો અને લોકજીવનનો ગાઢ સબંધ રજૂ થાય છે.

(૧)

રાયનો સાંદલિયો[6] ઉજયોને હયણું[7] આથમી,

વીરના દાદા રે ભીખાબા તમને વેનવું,
વીરને માદળિયાં મંતરાવી કોટે બાંધો રે,
મોભીને નજરુ લાગશે.

રાયનો સાંદલિયો ઉજયોને હયણું આથમી,
વીરને સગી રે હાહુની નજરુ લાગશે,
વીરને માદળિયાં મતરાવી કોટે બાંધો રે,
મોભીને નજરુ લાગશે.

રાયનો સાંદલિયો ઉજયોને હયણું આથમી,
વીરને સગા રે હાળાં[8]ની નજરુ લાગશે,
વીરને માદળિયાં મતરાવી કોટે બાંધો રે,
મોભીને નજરુ લાગશે.
રાયનો સાંદલિયો ઉજયોને હયણું આથમી,

---

5 ચીયા-કયા

6 સાંદલિયો-ચાંદલિયો

7 હયણું-સપ્તર્ષિ તારાવૃંદ

8 હાળા-સાળા

(૨)

નવ સેં તે તારા ઉજી[9] આથમ્યા, એકે સાંદલીયો[10] ઉજે હજુ વાર,
નવ સેં તે હગા[11] આયી ઉતર્યા, એકે ચીયા વેવઈ આયે હજુ વાર.
સરવે હગા આયી ઉતર્યા, એકે રતનો વેવઈ આયે હજુ વાર,
કહુંબા[12] તે ઘોળતાં નોંતર્યા, એકે ઘાંઘોળ વેવઈ આયે હજુ વાર.

આવો તો હગા ઢાળું ઢોલીયા, ઉપર પથરાવું નવલેરાં ચીર,
સોપારી કાપીને રાંધુ હગા ખીચડી, ઉપર ઘોણીયે[13] ધમકાવું ઝી[14].
આવો તો હગા રાંધુ ઝેણા સોખલીયા, ઉપર ધોબલીયે[15] પીરસાવું ખાંડ,

નવ સેં તે તારા ઉજી આથમ્યા, એકે સાંદલીયો ઉજે હજુ વાર,
નવ સેં તે હગા આયી ઉતર્યા, એકે ચીયા વેવઈ આયે હજુ વાર.

જાન પ્રસ્થાન સમયે પરીવારના મોભાદાર વ્યક્તિઓની જાનમાં ઉપસ્થિતિ હોવી તે ઘણું અગત્યનું બની રહે છે જે બાબત નીચેના ગીતમાં જોવા મળે છે.

સગી માના વેલડીયું[16] ચમ તમે રોકી,
સગી માના કુટુંબ વિના વેલું રોકી.

સગી માના કુટુંબ લુણી રાણા સાથે,
સગી માના વેલડીયું ઝટ આઘી હાકો.

સગી માના દાદા વિના વેલડીયું રોકી,
સગી માના દાદા માધાભૈ સંગાથે.

9 ઉજી-ઉગી
10 સાંદલીયો-ચાંદલીયો
11 હગા-સગા
12 કહુંબા-કસુંબા
13 ઘોણીયે-ઘડા વાટે
14 ઝી-ઘી
15 ધોબલીયે-ખોબલે
16 વેલડીયું-બળદ ગાડું

સગી માના બાપા વિના વેલડીયું રોકી,
સગી માના બાપા લાખાભૈ સાથે.

સગી માના કાકા વિના વેલડીયું રોકી,
સગી માના કાકા ઈશ્વરભૈ સંગાથે.

લાંબા તે પાંદાં[17]નો સગા આંબલો રે,
એનાં વન ફળિયાં ઝકોળા લે.

અહીં "સગી માના" શબ્દ વર માટે પ્રયોજાયો છે, જાનમાં ગોઠવાયેલ વરની બહેનો અને ભાભીઓ, જાન કેમ રોકાઇ છે? આવા પ્રયોજન સાથે વરને પ્રશ્ન કરે છે, ત્યારે જાનમાં પરીવારજનોની ગેરહાજરીની ખોટ ને પૂરવાના અહીં અભરખા વ્યક્ત થયા છે. વરના દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી, બેન-બનેવી આ બધાની ઉપસ્થિતિનું અહીં મહત્વ જોવા મળે છે. સંયુક્ત કુટુંબમાં પરીવારજનો વચ્ચેના અતૂટ બંધનો અહીં વ્યક્ત થયા છે. આ ગીતમાં 'લાંબા પાંદાનો આંબલો' શબ્દપ્રયોગ વિશાળ કુટુંબનું પ્રતિક છે.

આ સાથે જાન જોડ્યાની હોંશ અને વરરાજાના પરીવારના પ્રતિષ્ઠાને રજૂ કરતા ભાવ સાથે એક ગીત ગવાય છે.

ધૂપ પડે ને ધરતી ધમકે,
વાગે નગારાં વાળી ઠોરો રે,
બાલુડા વરની જાનમાં.

દાદા વાણું કેમ ચાલશે,
દાદા ચેહોરભૈ સાથ રે,
બાલુડા વરની જાનમાં.

બાપા વાણું કેમ ચાલશે,
બાપા હરિભૈ સાથ રે,
બાલુડા વરની જાનમાં.

રાધનપુર નગર પાલનપુર એજન્સીનું નવાબી રાજ્ય અને વઢિયાર પંથકનું સૌથી મોટું શહેર હતું. માટે વર્ષોથી વઢિયાર વિસ્તારમાં આ શહેરની એક આગવી ઓળખ છે. તેની જાહોજલાલી અને મીઠા આવકારથી આખાય મલકમાં વખણાય છે. જ્યારે રાધનપુર વિસ્તારમાંથી રબારી સમાજમાંથી કોઇ જાન જૂતે ત્યારે આ ગીત વગર આખો માહોલ અધૂરો વર્તાય છે.

---

17 પાંદા-પાંદડા

સડયું[18] સડયું મારે રાધનપરીનું રાજ,
ઝણઝણાક ઝાલર વાજીયાં.

લીધું લીધું ઓલું વઢિયાર દડીયા દોટ,
ઝણઝણાક ઝાલર વાજીયાં.

સડયું સડયું મારે શિવાબાનું રાજ,
ઝણઝણાક ઝાલર વાજીયાં.

લીધા લીધા ગોકળને દડીયા દોટ,
ઝણઝણાક ઝાલર વાજીયાં.

વરરાજાના રૂપ અને જાન જોડ્યાના વટને રજૂ કરતા કેટલાક ગીતો નીચે મુજબ છે. આ ગીતો જાન પ્રસ્થાન થયા થી શરૂ કરી માંડવે પહોંચવા સુધીના સમયગાળામાં ગવાતાં હોય છે.

મારા વીરને સોળસો સોળસો સાંઢુ નવ લાખ હાથી માણારાજ;
મારો વીર હાથીડે બેસીને સેમાડે ચાલ્યો માણારાજ,
મારા વીરને સેમાડીએ વખાણ્યો લાડીનો વર રૂડોને રૂપાળો,
મીઠી બોલી વાળો માણારાજ.

મારા વીરને સોળસો સોળસો સાંઢુ નવ લાખ હાથી માણારાજ;
મારો વીર હાથીડે બેસીને સરોવર ચાલ્યો માણારાજ,
મારા વીરને પાણીયારીએ વખાણ્યો લાડીનો વર રૂડોને રૂપાળો;
મીઠી બોલી વાળો માણારાજ.

આ ગીતમાં ક્રમાનુસાર સીમાડે, સરોવરે, ગોંદરે અને માંડવે કન્યાપક્ષ દ્વારા વરરાજાના ઠાઠ-માઠ અને રૂડા દેખાવના અન્યો દ્વારા વખાણ થયાની વાત રજૂ થઈ છે. નવયુવાન જ્યારે હાથમાં તલવાર અને સોનેરી તાણા-વાણા વાળા ઝાકમઝોળ પીતાંબર પહેરી પરણવા નિકળે ત્યારે બે ઘડી માણસ થંભી જાય. વરરાજાની છટા અને જાનૈયાઓને જોવા ગામ આખું ટોળે વળે. આવા અઢળક ઉત્સાહથી ભરેલા વાતાવરણમાં જેમ જાનની વેલના પૈડાં ગતિ પકડે તેમ તેમ રેલાતા સૂરમાં બહેનો ગીત છેડે છે,

લીલુડા વાંસની વાંળી રે...
આડે મારગડે વાગતીને જાય.
ગામના ગરાસિયે પૂછીયું રે...

18 સડ્યું-ચડ્યું

ચાંનો રાજા પરણવાને જાય.

નથી રાજા નથી રાજવી રે...
શિવાબાનો મોભી[19] પૈણવાને જાય.

(બાપા, કાકા, મામા, બધા સંબંધીઓનાં નામ લઈ ગવાય છે.)

વરરાજા તેમજ જાન માંહ્યલા વડીલોના આભૂષણ અને અલંકારથી અંજાઈને જે ઘોડી પર વરરાજા સવાર છે તે ઘોડીની સાથે સંવાદાત્મક રીતે ભાવો એક લોકગીતમાં રજૂ કર્યા છે,

ઘોડી જેટલા વરરાજા એટલા મેં જોયા,
એકેય ના આવે મારા સાગરભૈના તોલે... રા'ના બંધલા;
રા'ના બંધલા સબેલી[20] ઘોડી સમકે[21] સે,
ઘોડી સમકે સે સમકાવે સે.

ઘોડી જેટલા બાપાજી એટલા મેં જોયા,
એકેય ના આવે મારા જામાભૈના તોલે... રા'ના બંધલા;
રા'ના બંધલા સબેલી ઘોડી સમકે સે,
ઘોડી સમકે સે સમકાવે સે.

(ભાઈ, મામા,માસા ઈ; અલગ અલગ સંબંધવાચક નામો સાથે ગવાય છે.)

આ ગીતમાં બહેનો દ્વારા ભુતકાળમાં ઘોડી પર સવાર થયેલા અન્ય વરરાજાઓની સરખામણીમાં આજનો વર કેવો ચડીયાતો જણાય છે તેની "રા'ના બંધલા" અર્થાત "રાજા જેવો વીર" ના સંબોધન થી અદ્ભુતભાવ રજૂ થયો છે.

લાડડો તે પાને ચાવે'ને રસ ઢોળે,
લાડડો તે લળી લળી પાછેરુ જોવે.

જાણે મારે કુટુંબ સંગાથે આવે,
કુટુંબ સાથે જાનૈયોને રંગ લાવે,
લાડડો તે પાને ચાવેને રસ ઢોળે.
જાણે મારે દાદા સંગાથે આવે,

---

19 મોભી- સૌથી મોટો દીકરો

20 સબેલી-છબીલી

21 સમકે-ચમકે

દાદા સાથે જાનૈયોને રંગ લાવે,
લાડડો તે પાને ચાવેને રસ ઢોળે.

ગામના ગોંદરેથી જાન નીકળી ગઈ છે, વરરાજાને પાન-બીડાં આપવામાં આવે છે, આવા હર્ષોલ્લાસના સમયે વરરાજા ફરી ફરીને પાછળ જુએ છે કે, પરીવારજનોમાંથી કોઈની ગેરહાજરી તો નથી ને? આ ગીતમાં પરીવારજનોની ઉપસ્થિતીનું મહત્વ તેમજ પારિવારીક ઐક્યનું દર્શન થાય છે.

જે વાહનમાં જાન જોડવામાં આવી હોય તે વાહન ક્ષેમકુશળ તેના ગંતવ્યસ્થાને પહોંચે તેની ચિંતા નીચેના ત્રણ ગીતો દ્વારા વ્યક્ત થઈ છે.

(૧)
ગાડી વાળા રે ડાયવર,
ગાડી ધીમેરી ચલાય,
આતો રામાભૈનું કટબ,
ગાડી ડોલમ ડોલા થાય.

ભાઈના સાફા ચોળાઈ જાય,
વીરના શૂટ બગડી જાય,
ગાડી વાળા રે ડાયવર,
ગાડી ધીમેરી ચલાય.

વીરના મોળીયા ચોળાઈ જાય,
વીરની લાઈટો ટુટી જાય,
ગાડી વાળા રે ડાયવર,
ગાડી ધીમેરી ચલાય.

ગાડી ચેતન ચલાય,
આતો વનવગડો કેવાય,
ગાડી વાળા રે ડાયવર,
ગાડી ધીમેરી ચલાય.

(૨)
દાદા દા'ડો થોડોને જાવું વેગળું[22],

[22] વેગળું-દૂર

દાદા લેજો કટબડાં[23]ને સાથ,
વીરને દાડો થોડોને જાવું વેગળું.

દાદા લેજો ઢાલને તલવાર,
વરને જાવું લાડેણ વઉને દેશ,
વીરને દાડો થોડોને જાવું વેગળું.

દાદા લેજો બંધેવો[24]નો સાથ,
વીરને જાવું વેવાઈ વારે દેશ,
વીરને દાડો થોડોને જાવું વેગળું.

ગામના દેહાઈ તમને વેનવું,
દેજો ધોળીડાંની જોડ,
વીરને જાવું લાડેણ વઉને તેડવા.

ગામના ગરાસિયા તમને વેનવું,
દેજો અસલી હથિયાર હાથ,
વીરને દા’ડો થોડોને જાવું વેગળું.

(૩)
મેં તો ડાબુ જોયું જમણું જોજે રે વનના મોરલીયા,
વીર તો કટબ વણા વેલે નંઈ સડે વનના મોરલીયા,
વીરનું કટબ ચરમટા રાણા સાથે રે વનના મોરલીયા.

મેં તો ડાબુ જોયું જમણું જોજે રે વનના મોરલીયા,
વીર તો બાપા વણા વેલે નંઈ સડે વનના મોરલીયા,
વીરના બાપા માધોબા સાથે રે વનના મોરલીયા.
મેં તો ડાબુ જોયું જમણું જોજે રે વનના મોરલીયા,
વીર તો કાકા વણા વેલે નંઈ સડે વનના મોરલીયા,
વીરના કાકા લીલાભૈ સાથે રે વનના મોરલીયા.

23 કટબડાં-પરીવારજનો

24 બંધેવો-ભાઈઓ

મેં તો ડાબુ જોયું જમણું જોજે રે વનના મોરલીયા,
વીર તો મામા વણા વેલે નંઇ સડે વનના મોરલીયા,
વીરના મામા વાસુભૈ સાથે રે વનના મોરલીયા.

ઉપરોક્ત લગ્નગીતોમાં પારીવારીક ઐક્ય, પ્રકૃતિ સાથેનો ગાઢ સંબંધ, સામાજિક પ્રસંગને માણી લેવાની તાલાવેલી વગેરે જેવી બાબતો કેન્દ્રસ્થાને છે. અહીં ધરતી, સુરજ, ચંદ્ર, તારા અને હરણીયું તારકવૃંદથી પ્રકૃતિના ઘટનાક્રમો અને લોકજીવનનું જોડાણ છતું થાય છે. ઉપરોક્ત લોકગીતોમાં પ્રાણીસૃષ્ટીનું પણ મહત્વનું સ્થાન રહ્યું છે, હાથી, ઘોડા, બળદ અને સાંઢણી વગેરેની લોકજીવનમાં ઉપયોગીતા અને તેની સાથે જોડાયેલ કૃતજ્ઞતાનો ભાવ રજૂ થાય છે. આમ, વઢિયારી રબારી સમાજમાં ફક્ત જાન પ્રસ્થાન સમયે ગવાતાં લોકગીતો અહીં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ કાર્ય પૂરૂં પાડવામાં સતીબેન ગેલાભાઇ રબારી, જવાંબેન શિવાભાઇ રબારી, રમીલાબેન હેમાભાઇ રબારી તથા અગરબેન ભુરાભાઇ રબારીનાઓનો હ્દયપૂર્વક આભાર માનું છું, સમયની સાથે વિસરાતાં જતાં મોંઘેરા લોકગીતો જ્ઞાતિ અને પ્રદેશ પ્રમાણે થોડા-ઘણાં અંશે હજુ સચવાયાં છે એનો ઘણો આનંદ છે. પરંતુ ઘણું બધું બદલાઇ રહ્યું છે, ખાન-પાન, રીત-રીવાજો, ટેવો-મૂલ્યો આ બધાની વચ્ચે જે કાંઇ હજુ સચવાયું છે તેને સાચવી લઈએ બસ.